




૩૮-કલોલ વિધાનસભાના
ભાજપના ઉમેદવાર



**ડૉ. અતુલ કે. પટેલ**



નવસારીમાં કોંગ્રેસના ઉમેદવારોના પ્રચારના ભાગરૂપે વડાપ્રધાન મનમોહનસિંહ પહોંચ્યા હતા. વડાપ્રધાને ચૂંટણી પ્રચાર વેળા તમામ સળગતા પ્રશ્નો ઉઠાવ્યા હતા.

# સૌના સાથી બની સમાજજીવનને ધબકતું રાખતા ડૉ. અતુલ પટેલ

કલોલ વિધાનસભાના ભાજપના ઉમેદવાર ડૉ. અતુલ પટેલે આરોગ્ય અને તબીબી સહિત સામાજિક, સહકારી, આર્થિક, રાજકીય, રચનાત્મક અને સેવાકીય ક્ષેત્રે બજાવેલી નોંધપાત્ર કામગીરી કલોલ વસાહતીઓનાં હૃદયમાં ઘર કરી ગઈ છે. જનસંઘ ભારતીય જનતા પાર્ટીમાં રૂપાંતરિત થયું ત્યારથી આજદિન સુધી કેસરિયા રંગે રંગાઈ ડૉ. અતુલ પટેલે પક્ષ તથા પ્રજા સાથે સંબંધો કાયમી રાખ્યા છે. ૨૦૦૨થી ૨૦૦૭ સુધી કલોલ મત વિસ્તારમાં તેમણે ધારાસભ્ય તરીકે પોતાની સેવાઓ પણ અદા કરી છે. ઉપરાંત ૧૯૭૫થી ભાજપની તમામ ચૂંટણીલક્ષી પ્રક્રિયાઓ જેવી કે વિધાનસભા, લોકસભા, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા તેમજ સહકારી ક્ષેત્રે પ્રચારક તરીકે મહત્ત્વની સેવાઓ તેમણે આપી છે.

કલોલ વિધાનસભાના ભાજપના આ ઉમેદવારે આમ જનતા ઉપરાંત ખેડૂતો માટે પણ નોંધપાત્ર કામગીરી કરી છે. એપીએમસી કલોલના ચેરમેન પદે ૨૦૦૪થી તેઓ સેવાઓ આપી રહ્યા છે તેમજ ક્રિભકોના સભ્ય, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર, એપીએમસી સંચાલિત કિસાન જનરલ હોસ્પિટલના ચેરમેન સહિત ૧૭થી વધુ સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે. ધારાસભ્ય પદ દરમ્યાન તેમણે કરેલી કામગીરીમાં કલોલ માણસા રેલવે ઓવરબ્રિજ બનાવવા રજૂઆત, રેલવે પૂર્વનો પ્રાણપ્રશ્ન, અંડરબ્રિજ મંજૂર કરાવ્યો, હાઈવે પર થતા અકસ્માતો અટકાવવા સર્કલ તથા બમ્પ બનાવવા ઉગ્ર રજૂઆતો અને વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને બસ સેવા પુરી પાડવા યોગ્ય રજૂઆત કરી નવા રૂટ શરૂ કરાવવા સહિતની વિવિધ કામગીરી કરીને પ્રજામાં લોકપ્રિય બન્યા.

સહકારી ક્ષેત્રે પણ એમનું આગવું યોગદાન રહ્યું છે. વિવિધ સહકારી સંસ્થાઓમાં છેલ્લાં વીસેક વર્ષથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંચાલનમાં રહી વ્યાપારીઓ અને જરૂરિયાતમંદોને ખાતર, બિયારણ, દવાઓ, રેશન વગેરે સહેલાઈથી ઉપલબ્ધ થાય તેવું આયોજન કર્યું છે. લોકોમાં જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ, પ્રદૂષણ નિવારણ, પર્યાવરણ સુધારણા અભિયાનો હાથ પર લઈ પર્યાવરણ ક્ષેત્રે પણ પોતાની ભૂમિકા અદાકરી છે.

મૂળ આરોગ્ય અને તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલા ડૉ. અતુલ પટેલ કલોલ સહિત આસપાસના વિસ્તારોમાં છેલ્લાં ૨૫ વર્ષથી લેપ્રોસ્કોપિક, યુરો સર્જન તેમજ જનરલ સર્જન તરીકે પોતાની નિષ્ણાત સેવાઓ આપી રહ્યા છે. કચ્છના ભૂકંપ વખતે દર્દીઓને કલોલ હૉસ્પિટલ ખાતે દાખલ કરી જરૂરી ઑપરેશન તથા કંડલા ખાતે આવેલા વાવાઝોડા સમયે સ્થળ પર પહોંચી જઈ પ્રજાજનોને મદદ કરવા ઉપરાંત રેલ સંકટ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ વખતે તન, મન, ધનથી યથાશક્તિ મદદ કરી પ્રજાજનોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# પરષોત્તમ રૂપાલા-પરેશ રાવલ આજે છ-છ સભાઓ સંબોધશે

## ભાજપને વિજય બનાવવા તેમજ વિકાસની રાજનીતિનો જય જયકાર કરવા આહ્‌વાન કરાશે : કાર્યકરોમાં ઉત્સાહ

અમદાવાદ, તા. ૯

ભાજપ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ધ્યાનમાં લઈને આક્રમક ચૂંટણી પ્રચારનો દોર જારી રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તમામ ટોચના નેતાઓ અને ભાજપ સાથે સંકળાયેલા કાર્યકરો પ્રચારમાં વ્યસ્ત છે. ભાજપની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ચૂંટણી પ્રચાર સમિતીના અધ્યક્ષ પરષોત્તમ રૂપાલા આવતી કાલ તા.૧૦ ડિસેમ્બરે સૌરાષ્ટ્રમાં ૬ જાહેરસભા અને ત્રણ જેટલી મિટીંગો યોજશે અને ભાજપાને વિજયી બનાવવા વિકાસની રાજનીતિનો જયજયકાર કરવા આહવાન કરશે. આ ઉપરાંત અભિનેતા પરેશ રાવલ છ જાહેરસભા સંબોધશે.





પરસોત્તમ રાવલ રૂપાલા સવારે ૯.૦૦ કલાકે બગવાદર, પોરબંદર ખાતે, કુતિયાણા ટાવર ચોક ખાતે ૧૦.૩૦ કલાકે, જાહેરસભાને સંબોધશે. બપોરે ૧૨.૪૫ કલાકથી સતત ભાવનગરમાં દેવરાજનગર, હીરાના વેપારીઓ સાથે અને કણબીવાડ ખાતે ગ્રુપમિટીંગોને સંબોધશે. રૂપાલા સાંજે ૫.૩૦ કલાકે દામનગર ખાતે જાહેરસભા, ૬.૪૫ કલાકે લીલીયા ખાતે અને ૮.૦૦ કલાકે સાવરકુંડલા ખાતે જાહેરસભાને સંબોધશે. ફિલ્મ કલાકાર પરેશ રાવલની ૧૦ ડિસેમ્બરે ૬ જાહેરસભા યોજાશે અને તમામ કાર્યક્રમો પહેલાથી જ તૈયાર કરી લેવામાં આવ્યા છે.

# કોંગ્રેસને ગુજરાતની જનતા માટે લાગણી જ નથી : મોદી

## કોંગ્રેસ કાદવ ઉછાળે છે, ગામે ગામ કમળ ખિલશે : મધ્ય ગુજરાતના વનવાસી વિસ્તારમાં વિજળી વેગે પાંચ સભા

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતભરમાં તેમના ઝંઝાવતી ચૂંટણી પ્રચાર પ્રવાસમાં કોંગ્રેસની ગુજરાત વિરોધી રાજનીતિના પાઠ ભણાવવા જનતાને અપીલ કરી હતી. કોંગ્રેસને ગુજરાતની જનતા માટે કોઈ લાગણી નથી પણ એમને તો ગુજરાતને લૂંટવી છે.

મોદીએ કહ્યુ હતુ કે ભાજપ સરકારે છેલ્લા ૧૧ વર્ષમાં ગુજરાતના વિકાસ માટે ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપી તિજોરી તરબતર કરી નાંખી છે. એને કઈ રીતે લૂંટી શકાય તેના પેંતરા કોંગ્રેસ કરી રહી છે. મોદીએ આજે બપોરે સંતરામપુર, ઝાલોદ, સંજેલી, પાવી જેતપુર, વાગરા, સેલંબાની ચૂંટણી સભાઓમાં કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા.

તેમણે કહ્યુ હતુ કે જનતાને ગુમરાહ કરવાના અને મોદીને બદનામ કરવાના કોંગ્રેસના નકારાત્મક રાજકારણને કાયમ માટે દેશવટો દેવાનો આ અવસર છે. આદિવાસીઓની જંગી રેલીને સંબધતા તેમણે કહ્યુ હતુ કે આદિવાસીઓને સમૃદ્ધીની દિશા બતાવવા ૧૫૦૦૦ કરોડની વનબંધુ યોજના રંગ લાવી છે. હવે ૪૦૦૦૦ કરોડની વનબંધુ યોજના આદિવાસીઓના વિકાસનો સ્વર્ણિમ દશકો લાવશે. કોંગ્રેસે ગરીબોને લૂંટવામાં છોડ્યા નથી. આદિવાસીઓને વિકસિત કરવામાં ભાજપ સરકારની ભૂમિકા રહી છે. ગામે ગામ મતદારો કમળ ખિલાવવા સંકલ્પ કરીને બેઠા છે તેમ મોદીએ જણાવ્યું હતુ. આદિવાસીઓને ઘર ઘરમાં વિજળી કોણે આપી, હેડપમ્પ નહીં ઘર ઘરમાં નળના કનેક્શન કોને આપ્યા. ગરીબ આદિવાસી તમામ બાબતો જાણે છે. બપોર બાદ મોદી વલસાડ સુરતમાં પ્રચાર માટે પહોંચ્યા હતા.

# ‘સુલતાન’ મોદી સામે સામુહિક આક્રમણ

## મધ્ય ગુજરાતમાં ભાજપ માટે કપરાં ચઢાણ : કોંગ્રેસની ટીમના ત્રણ ત્રણ ‘કૅપ્ટન’ મધ્ય ગુજરાતમાં



મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો કદાચ કિસ્મત પણ સાથ આપવામાં આનાકાની કરી રહ્યું હોય એવું ભાજપ વિરોધી મોજું ચૂંટણીના અંતિમ સપ્તાહમાં જોર પકડી રહ્યું છે

**ચૂંટણી ચક્રવ્યૂહ**



**- યુયુત્સુ દેસાઈ**

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને કદાચ કિસ્મત પણ સાથ આપવામાં આનાકાની કરી રહ્યું હોય એવું ભાજપ વિરોધી મોજું ચૂંટણીના અંતિમ સપ્તાહમાં જોર પકડી રહ્યું છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પૂરી તાકાતથી મોદીને ‘આ જુઠ્ઠો માણસ છે’ કહી પ્રજા વચ્ચે ખુલ્લો પાડી રહ્યા છે તો બીજી તરફ કોંગ્રેસના વિવિધ સ્ટાર પ્રચારકો ગુજરાતના ખૂણે ખૂણે ફરી વળીને ભાજપનો ભંડાફોડ કરી રહ્યાં છે. અહેમદ પટેલ જેવા વરિષ્ઠ રાષ્ટ્રીય નેતાએ ગુજરાતને ‘મુખ્યમંત્રી’ની જરૂર છે, નહીં કે ‘સુલતાન’ની - એવું નિવેદન કરીને છેલ્લાં અગિયાર વર્ષથી ગુજરાતમાં સવાઈ સુલતાનની જેમ એકચક્રી રાજ કરી રહેલા મોદીને એમની હૅસિયત બતાવી દેવાની હાકલ કરી છે. સોનિયા ગાંધીની દક્ષિણ ગુજરાતની અને સૌરાષ્ટ્રની જંગી સભાઓ પછી તેઓ તા. ૧૦મીએ પંચમહાલ અને ઉત્તર ગુજરાતમાં પ્રચાર અર્થે આવી રહ્યાં છે. રાહુલ ગાંધીની રૅલીઓનું આયોજન પણ કરાઈ રહ્યું છે. સામે પક્ષે મોદી એમની પૂરી તાકાત સાથે ઝઝૂમી રહ્યા છે અને એમના રાષ્ટ્રીય નેતાઓ પણ એમની પડખે ઊભા છે. હા, એક મુદ્દે જરૂર પીછેહઠ થતી જોવા મળે છે. રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરી અને સુષ્મા સ્વરાજે મોદીને હાલ અત્યારે વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયાં નહીં હોવાની ચોખવટ કરી દીધી છે.

જદ(યુ)ના ઉમેદવારો માટે પ્રચાર કરવા આવેલાં શરદ યાદવે પણ ‘એનડીએ’ દ્વારા ૨૦૧૪ની ચૂંટણીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર વિશે ભાજપ કે એનડીએમાં કોઈ જ નિર્ણય નહીં થયો હોવાનો ખુલાસો કર્યા પછી મોદીને ગુજરાતમાં હેટ્રિક કરાવવા વડાપ્રધાનપદ વાળો મુદ્દો બળજબરીપૂર્વક ઘુસાડાઈ રહ્યો હોય એમ લાગ્યા વિના નથી રહેતું. દિલ્હી લેવા જતાં ગાંધીનગર છીનવાઈ ન જાય એની ફિકર પેઠી છે.

મધ્ય ગુજરાતમાં વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને આણંદ તથા ખેડા જિલ્લાઓ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરની બેઠકોનો સમાવેશ થાય છે. મોદીએ ઉતાવળે ઉતાવળે ચૂંટણીલક્ષી ખેરાત લેખે વડોદરામાંથી નવો છોટાઉદેપુર જિલ્લો બનાવવા ઉપરાંત નડિયાદ - આણંદના અમુક ગ્રામ્ય વિસ્તારો સાંકળી નવો મહીસાગર જિલ્લો કંડારી કાઢવાની જાહેરાતો કરેલી છે. આવા નુસખા ઘણીવાર મતદાર સમૂહો પર ધારી અસર ઉપજાવતા હોય છે પરંતુ આ વખતે ચૂંટણી પૂર્વે સરજાયેલું ઉમેદવાર લક્ષી વાતાવરણ આવી અસરને નગણ્ય બનાવી રહ્યું હોય એમ લાગે છે.

મધ્ય ગુજરાતમાં કોંગ્રેસનો પરંપરાગત દબદબો રહ્યા કર્યો છે. મધ્ય ગુજરાતે અત્યાર સુધીમાં ગુજરાતને ત્રણ યાદગાર મુખ્યમંત્રીઓ આપ્યા છે. બાબુભાઈ જશભાઈ પટેલ શુધ્ધ ગાંધીવાદી મુખ્યમંત્રી તરીકે યાદ રહેશે તો ચીમનભાઈ પટેલ કેન્દ્રને પણ ભારે પડે એવા છત્રીસની છાતીવાળા મર્દ મુખ્યમંત્રી તરીકે અને નર્મદાના પ્રશ્ને ઝઝૂમનાર ‘ખેડૂતોના મસીહા’ તરીકે લોકસ્મૃતિમાં અમર છે. ત્રીજા મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી ‘ગરીબોનાં બેલી’ તરીકેની નામના અંકે કરનારા વિચક્ષણ મુખ્યમંત્રી હતા. જેમના શાસનકાળ દરમિયાન કોંગ્રેસને ગુજરાતમાં ૧૮૨માં ૧૪૯ બેઠકો પર વિક્રમજનક વિજય હાંસલ થયો હતો. આ ત્રણ ઉપરાંત શંકરસિંહ વાઘેલા પણ કયારેક ગાંધીનગર તો કયારેક કપડવંજ અને પંચમહાલમાંથી ચૂંટાતા રહ્યા છે. કેશુભાઈ પટેલ સામે ઐતિહાસિક બળવો કરીને મુખ્યમંત્રી બન્યા તે પછી એમણે રાધનપુરમાં ચૂંટણી લડીને ધારાસભ્યપદ હાંસલ કર્યું હતું. આ વખતે એમની ઈચ્છા તો ગાંધીનગર (ઉત્તર) કે દહેગામ જેવી વતન નજીકની બેઠક પરથી ચૂંટણી લડવાની હતી, પરંતુ પાર્ટીએ એમને જૂની કપડવંજ સંસદીય ક્ષેત્ર અંતર્ગત આવતી કપડવંજની બેઠક ફાળવી છે. કપડવંજ બેઠકનાં કોંગ્રેસી ઉમેદવાર તરીકે ‘બાપુ’ને ભાજપના બળવાખોર નેતા બિમલ શાહની બળવાખોરી ફળશે, વળી નજીકના બાયડ બેઠક પર તેઓ એમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાની જીત પણ સુનિશ્ચિત કરી શકશે. ‘બાપુ’ના હુલામણા નામે ઓળખાતા પૂર્વ મુખ્યમંત્રી આને ભાવિ મુખ્યમંત્રીપદ માટેના મજબૂત ઉમેદવાર કોંગ્રેસ ગોત્રના નહીં હોવા છતાં અત્યારની ઉપલબ્ધ ટીમના સૌથી મજબૂત અને આશાસ્પદ ખેલાડી છે. મોદી અને એમનાં ટેકેદારો કોંગ્રેસ પાસે કોઈ ‘કેપ્ટન’ જ નથી, એવો પ્રચાર કરતા રહે છે ત્યારે નાછૂટકે બાપુને કહેવું પડે છે કે હું કેપ્ટન છું જ. હું કંઈ વિરોધપત્રનો નેતા બનવા માટે આ ચૂંટણી નથી લડી રહ્યો. બાપુના આ વિધાનનું કોંગ્રેસના મોવડીમંડળે પણ ચૂપ રહીને આડકતરૂં સમર્થન જ કર્યું છે. ગડકરી કે જદ(યુ)ના પ્રમુખ શરદ યાદવની જેમ એમણે કોઈ નકારાત્મક નિવેદન થી કર્યું. મોદીની ૨૦૧૪ની ચૂંટણી માટેની વડાપ્રધાનપદ તરીકે ઊપસવાની દાવેદારી સામે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ગડકરી અને ‘એનડીએ’ ગઠબંધનના સંયોજક - જદ(યુ)ના પ્રમુખ શરદ યાદવે સ્પષ્ટ શબ્દોમાં કહેવા જેવું કહી દીધા પછી ગુજરાતની પ્રજાને વધુ કશું જાણવાપણું રહેતું નથી. વડાપ્રધાનપદના ઉમેદવારનું લૉલીપૉપ બતાવીને ભાજપ મોદીને વિધાનસભાની વૈતરણી પાર કરાવવા માગે છે, એટલું તો ગામડાનો છેવાડે પડેલો મતદાર પણ સમજવા લાગ્યો છે.

કોંગ્રેસ પાસે મધ્ય ગુજરાતમાં બે મજબૂત લોકનેતાઓ છે. દિનશા પટેલ એમની સ્વચ્છ પ્રતિભાના બળ પર નડિયાદની લોકસભાની બેઠક પર વિજયી નીવડતા રહ્યાં છે. દિનશાને રાજ્ય કક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રીમાંથી કૅબિનેટ મંત્રી પદે બઢતી આપીને કોંગ્રેસના મોવડી મંડળે મધ્ય ગુજરાતમાં કોંગ્રેસને વધુ મજબૂત બનાવવાની ચેષ્ટા કરી છે. પાડોશની જ બેઠક આણંદનું લોકસભામાં સક્ષમ પ્રતિનિધિત્વ કરી રહેલાં ભરતસિંહ સોલંકીને પણ રાજયમંત્રી તરીકે સ્વતંત્ર કાર્યભાર આપી રાજી રાખવાનો પ્રયાસ કરાયો છે. આ બેઉ નેતાઓની મધ્ય ગુજરાતમાં મજબૂત પકડ છે. દિનશા ચરોતરના લેઉવા પાટીદારોના પ્રતિનિધિ તરીકે કોંગ્રેસનું મોવડીમંડળ દિનશાને પણ ગુજરાતનું સુકાન સોંપી શકે છે. કોંગ્રેસ પાસે, મુખ્યમંત્રી પદના ઉમેદવારોની અછત નથી - ચરોતરમાંથી કયારેક બાબુભાઈ જશભાઈ પટેલ જેવા સાધુ પ્રકૃતિના મુખ્યમંત્રી મળેલા છે. દિનશા પટેલ હકીકતમાં બાબુભાઈ જશભાઈના સાચા રાજકીય વારસ છે. તો વળી ‘ઓબીસી’ કહેતાં બક્ષી જાતિઓનાં મસીહા તરીકે લોકહૃદયમાં ભારે આદર સન્માન ધરાવતા પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર અને કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી પણ આ પદ માટેની પૂરેપૂરી લાયકાત ધરાવતા નેતા છે. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે તેમજ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે એમની કારકિર્દી યશસ્વી રહી છે. કેન્દ્રીય મંત્રી તરીકે પણ એમને આધુનિકતાના અગ્રદૂત તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. એટલે કોંગ્રેસ પાસે કોઈ ‘કેપ્ટન’ નથી, એવો લવારો વાહિયાત છે. હાઈ કમાન્ડ પાસે પસંદગીનો પૂરતો અવકાશ છે. સૌરાષ્ટ્રમાં કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા અને પ્રદેશ પ્રમુખ ચૂંટણી મેદાનમાં છે. હાઈ કમાન્ડ એ બે નેતાઓ ઉપરાંત ત્રણ સિનિયર કોંગ્રેસી આગેવાનોનાં નામ પણ વિચારી શકે, જે પૈકી શંકરસિંહ વાઘેલા તો પોતે જ કપડવંજની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે.

મધ્ય ગુજરાતના ક્ષત્રિય મતદારો પર કોંગ્રેસની મજબૂત પકડનો પાયો રવિશંકર મહારાજ સાથે લોકસેવાની ધૂણી ધખાવનારા સ્વ. ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડાએ રોપ્યો હતો. એમનો વારસો જમાઈરાજ માધવસિંહ સોલંકીએ અને તે પછી ભાણેજ ભરતસિંહ સોલંકીએ જાળવી રાખ્યો છે. નવાં સીમાંકનો પછી પણ ચાવડા-સોલંકી પરિવારનો દબદબો અકબંધ રહેવા પામ્યો છે. ઈશ્વરભાઈ ચાવડાના પૌત્ર અને બોરસદના વર્તમાન ધારાસભ્ય અમિત ચાવડા આંકલાવની નવી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે. આણંદની બેઠક પર ભાજપે વિવાદાસ્પદ દિલીપ પટેલને ટિકીટ આપવી પડી છે.

ઉમરેઠની બેઠક કોંગ્રેસે એનસીપીના જયંત પટેલ ‘બૉસ્કી’ને ફાળવતાં કોંગ્રેસના વડોદિયાએ ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. પરંતુ એમ તો રાકેશ રાવ સહિતના ઘણાં બધા ભાજપના આગેવાનોએ પણ કોંગ્રેસનો હાથ પકડ્યો જ છે ને! ચૂંટણીના સમયમાં થતા પક્ષપલટાં સરવાળે તો પક્ષપલતુંઓને અને પક્ષપલટો કરાવતી પાર્ટીઓને જ નડતા હોય છે. વખત પૂરતો આવેશનો ઊભરો વરતાય એટલું જ. જયારે મતદાનની વેળા આવે ત્યારે મતદાતાનો વિવેક-બૃહસ્પતિ જાગી ઊઠતો હોય છે અને એ પોતાના અંતરાત્મા અવાજ પ્રમાણે જ મતદાન કરતો હોય છે.

આ વખતની ચૂંટણીમાં મતદારોને બહેકાવી મૂકે એવો કોઈ ચૂંટણી મુદ્દો જ ન હોવાને કારણે મતદારો સાચી દિશામાં મતદાન કરશે એવી આગાહી કરવામાં જોખમ નથી.

મોદીએ ઉતાવળે ઉતાવળે ચૂંટણીલક્ષી ખેરાત લેખે વડોદરામાંથી નવો છોટાઉદેપુર જિલ્લો બનાવવા ઉપરાંત નડિયાદ - આણંદના અમુક ગ્રામ્ય વિસ્તારો સાંકળી નવો મહીસાગર જિલ્લો કંડારી કાઢવાની જાહેરાતો કરેલી છે; આવા નુસખા ઘણીવાર મતદાર સમૂહો પર ધારી અસર ઉપજાવતા હોય છે પરંતુ આ વખતે ચૂંટણી પૂર્વે સરજાયેલું ઉમેદવાર લક્ષી વાતાવરણ આવી અસરને નગણ્ય બનાવી રહ્યું હોય એમ લાગે છે



મોદી અને એમનાં ટેકેદારો કોંગ્રેસ પાસે કોઈ ‘કેપ્ટન’ જ નથી, એવો પ્રચાર કરતા રહે છે ત્યારે નાછૂટકે બાપુને કહેવું પડે છે કે હું કેપ્ટન છું જ, હું કંઈ વિરોધપત્રનો નેતા બનવા માટે આ ચૂંટણી નથી લડી રહ્યો